# મહે.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, નવરંગપુરા,અમદાવાદ.

**ફોજદારી કેસ નંબર : ૬૩૯૨ / ૨૦૧૪.**

## :-આંક-૧ તળેનો હુકમ :-

**૧.**આ કામે વિ. એ.પી.પી.શ્રી એ ,આંક-_ _ _ _થી સી.આર.પી.સી.કલમ- ૩૨૧ લગત પુરસીસ રજુ કરી હાલનો કેસ પરત ખેંચવા જણાવેલ છે.જેમાં, સદર કામ ખુબ જ લાંબા સમયથી કોર્ટમાં પેન્ડીંગ છે અને પોલીસ ના વારંવાર પ્રયત્ન કરવા છતાં આરોપી ને નામદાર કોર્ટ માં રજુ કરી શકેલ નથી.અને હાલ માં આરોપીઓ મળી આવવાના નહીવત સંજોગો છે.અને આવા મૃતપ્રાય કેસો વારંવાર બોર્ડ ઉપર આવી નામદાર કોર્ટ નો સમય અને શક્તિ નો વેડફાટ થાય છે.આ કેસો પાછળ સમય નો વ્યય કરતાં પબ્લીક મની નો વ્યય બરાબર છે અને આવા સંજોગોમાં સદર કેસ આગળ ચલાવવામાં ન્યોયોચીત જણાતું નથી અને આરોપી મળી આવે તો સદર કેસ રીસ્ટોર કરવાની શરતે સદર કેસ વિડ્રો કરવાનું જાહેર કરે છે.સદરહુ વિડ્રો પુરસીસ ધ્યાને લેતાં, આ કોર્ટ ધ્વારા સી.આર.પી.સી.કલમ-૩૨૧ ની જોગવાઈ તથા નામદાર સુપ્રિમ કોર્ટના **[1980] 0 AIR(SC) 1510 Rajender Kumar Jain: Manohar Lal: Attorney General For India Vs. State Through Special Police Establishment: Bansi Lal: State Of Haryana** ના ચુકાદા તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના **[1992] 2 GLR 1569 BHANJIKHAN JAHAJIK HAN MALEK Vs. ABDULMUNIR R.MAHESANIA** ના ચુકાદાઓ ધ્યાને લેતાં, એ.પી.પી.શ્રી ને શ્રી સરકાર તર્ફે, આ કામના આરોપી સામેનો હાલનો કેસ જાહેર તથા પબ્લીકના વિશાળ હિતમાં પરત ખેંચવાની પરવાનગી આપવામાં આપેલ હોઈ અને તે અનુસંધાને એ.પી.પી.શ્રી, એમ.પી.ભરવાડ ધ્વારા આંક- ૧૧ થી હાલનો કેસ પરત ખેંચવા વીડ્રો પુરશીશ આપેલ છે અને તે પુરશીશ આ કોર્ટ ધ્વારા રેકર્ડ કરવામાં આવેલ છે. તે તમામ સંજોગોમાં, હાલનો કેસ તે રીતે સી.આર.પી.સી. કલમ-૩૨૧ ની જોગવાઈ મુજબ વીડ્રો તરીકે ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આંક-૧ તળે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### :હુ ક મ :

**૧.** આ કામના આરોપીને, તેમની સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં, ગુના રજીસ્ટર નંબર : ૪૭૦/૨૦૧૩ થી નોંધાયેલ, ઈ.પી.કો. કલમ ૪૫૪,૪૫૭,૩૮૦,૧૧૪,૪૧૩ મુજબના ગુનાના કામે, ડીસ્ચાર્જ કરી છોડી મુકવામાં આવે છે.

**૨.** વધુ માં,સદર કેસ રીસ્ટોર કરવાની શરતે ફેસલ કરવામાં આવેલ છે.

આજ રોજ તારીખ : ૧૩ મી માહે : ડિસેમ્બર, સને- ૨૦૨૫ ના રોજ આયોજિત સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
નવરંગપુરા,અમદાવાદ.